# ફોરેન એક્સપોર્ટ કાર વેચવાના કૌભાંડમાં હૈદરાબાદના મુખ્ય સૂત્રધારની ધરપકડ

**રેવન્યૂ** ઈન્ટેલિજન્સે મુદ્રા, કંડલા, પીપાવાવ, બેંગ્લોર, હૈદરાબાદ અને પુનામાંથી 50 લક્ઝુરિયસ કાર જપ્ત કરી

ગાંધીનગરઃ વિદેશી આયાતીકારો 50 ટકાના ભાવે અમદાવાદ તથા દેશભરના જુદા જુદા શહેરોમાં લક્ઝુરિયસ કારના વેપારનું આખું કૌભાંડ શોધી કાઢીને રેવન્યૂ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ)ના તપાસનીશ અધિકારીઓની ટીમે આજે હૈદારબાદના દશરથખાન નામના કારના વેપારીની ધરપકડ કરીને તેની સામે તપાસ શરૂ કરી છે.

રેવન્યૂ ઈન્ટેલીજન્સના અધિકારીઓની ટીમ દ્વારા મુદ્રા, કંડલા, પીપાવાવ, બેંગ્લોર, હૈદરાબાદ અને પુનામાં તપાસ હાથ ધરીને 50 જેટલી લક્ઝુરિયસ કાર જપ્ત કરી છે. ડીઆરઆઈએ જપ્ત કરેલી વિદેશી કારની કિંમત અંદાજિત 50 કરોડ થવા જાય છે. આ કાર કોણે- કોણે બુક કરાવી હતી. તેમની પણ તપાસ ચાલી રહી છે. કયા પોર્ટ પર કેટલી કાર આવી તેની પણ તપાસ ચાલી રહી છે. મોટેભાગે રાજકારણીઓ, બોલીવૂડની સેલિબ્રીટીઓ દ્વારા આ કાર મંગાવવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે.

આ કાર અમેરિકા તથા જાપાનથી મંગાવવામાં આવી હોવાની વિગતો બહાર આવી છે. આ સમગ્ર કૌભાંડનું પગેરું હૈદરાબાદ સુધી નીકળતા, આખરે દશરથખાન નામના કારના વેપારીની ધરપકડ કરીને તેની પૂછપરછ ચાલી રહી છે.

# 'ઓપરેશન સિંદૂર' કરોડો ભારતવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ: ભૂપેન્દ્ર પટેલ

**તિરંગા** યાત્રામાં જોડાઈને સેનાના જવાનોનું મનોબળ વધારવાના આ સફળ આયામને બિરદાવ્યો

ગાંધીનગરઃ જમ્મુ-કાશ્મીરના પહેલગામ ખાતે પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાની ઘટના બાદ ભારતીય સેનાએ 'ઓપરેશન સિંદૂર' દ્વારામાં ભારતીને તથા આપણા તિરંગાને અપાવેલા ગૌરવને વધાવવા દેશભરમાં 13 થી 23 મે સુધી રાષ્ટ્રવ્યાપી તિરંગા યાત્રા યોજાઈ રહી છે.

આજે અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારતીય સેનાનાં આ પરાક્રમને બિરદાવવા અમદાવાદ મહાનગરપાલિકા અને વિવિધ સંગઠનો દ્વારા આયોજિત ભવ્ય તિરંગા યાત્રાને વાડજ વિસ્તારમાં આવેલા વ્યાસવાડી- ભગવાન પરશુરામ પ્રતિમા પાસેથી ફ્લેગ ઑફ કરાવી ભૂપેન્દ્ર પટેલ ભારતીય તિરંગા સાથે આ તિરંગા પદયાત્રામાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર' કરોડો ભારતવાસીઓની ભાવનાનું પ્રતિબિંબ છે. 'ઓપરેશન સિંદૂર' દ્વારા ભારતીય સેનાએ આતંકવાદને જડબાતોડ જવાબ આપ્યો છે. આ આતંકવાદ સામે ભારતની લડાઈની એક જ્વલંત સફળતા છે. પાકિસ્તાન પ્રેરિત આતંકીઓ અને તેમના આકાઓને તેમની જ જમીન પર ધૂળ ચાટતા કરીને ભારતે પહલગામ આંતકવાદી હુમલાનો બદલો લીધો છે. એટલું જ નહીં, આખું વિશ્વ ભારતના સૈન્ય અને એરફોર્સની ક્ષમતા અને બહાદુરીથી અચંબિત થયું છે. આ તિરંગા યાત્રા એ દેશની એકતા, અખંડિતતા જાળવવાની સાથે આપણી સેનાનું મનોબળ વધારતી યાત્રા છે. આપણો તિરંગો સતત ઊંચેને ઊંચે લહેરાતો રહે તે માટે સેનાના જવાનો માતૃભૂમિ માટે ખડેપગે તૈનાત છે, ત્યારે આ તિરંગા યાત્રામાં જોડાઈને તેમનું મનોબળ વધારવાના આ સફળ આયામને તેમણે બિરદાવ્યો હતો.

## યુદ્ધ વિરામ બાદ સરકારી અધિકારીઓની રજા અંગે છૂટછાટ અપાઈ

ગાંધીનગરઃ ભારત- પાક વચ્ચે યુદ્ધ જેવા માહોલ વચ્ચે તાજેતરમાં સરકારે અધિકારીઓ- કર્મચારીઓની રજા રદ કરીને તેઓને ફરજ પર હાજર થવાના આદેશ કર્યા હતા. ઓપરેશન સિંદૂર બાદ ભારત- પાક વચ્ચે યુદ્ધ વિરામ જાહેર કરાયો છે. જેના પગલે આજે રાજ્ય સરકારે રજાઓ અંગે છૂટછાટ જાહેર કરી છે. સરકારે રજાઓ મંજૂર કરવાનો નિર્ણય કર્યો છે. હવે તમામ કર્મચારી અને અધિકારીઓ રજા લઈ શકશે. સામાન્ય વહીવટ વિભાગે નવો પરિપત્ર જારી કર્યો છે, જેમા જણાવ્યા અનુસાર વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતાં સક્ષમ સત્તાધિકારી સ્વવિવેકાનુસાર રજાઓ મંજૂર કરી શકશે. પરંતુ અનિવાર્ય સંજોગોમાં સક્ષમ સત્તાધિકારી રજાઓ રદ કરી શકશે.

## વ્યાયામ શિક્ષકોની ભરતી જૂનમાં કરવા શિક્ષણ વિભાગની તૈયારી

ગાંધીનગરઃ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા આગામી જૂન મહિનામાં વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં આવશે, તેવા સંકેતો આપવામાં આવ્યા છે. રાજ્યભરના વ્યાયામ શિક્ષકો દ્વારા છેલ્લા ઘણાં સમયથી ગાંધીનગરમાં આંદોલન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં વ્યાયામ શિક્ષકોએ સરકાર વિરુદ્ધ આંદોલન કરી તાત્કાલિક વ્યાયામ શિક્ષકોની ભરતીની માંગણી કરી હતી, ત્યારબાદ રાજ્ય સરકારે આંદોલન કરી રહેલા વ્યાયામ શિક્ષક ઉમેદવારો સાથે વાટાઘાટો કરી આંદોલનને શાંત પાડ્યું હતું. બીજી તરફ આ અંગે શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શિક્ષણ વિભાગ દ્વારા વ્યાયામ શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# રાજ્યમાં ગરમીનો પારો 5 ડિગ્રી વધવાની સંભાવના

**હજુ** રાજ્યમાં આગામી 48 કલાક વરસાદની વકી

ગાંધીનગરઃ રાજ્યમાં હવે આકરો થવા સાથે ગરમીનો પારો 5 ડિગ્રી વધવાની સંભાવના રહેલી છે. બીજી તરફ દક્ષિણ ભારત તરફથી લો પ્રેશરની સિસ્ટમ ઉપર ગુજરાત તરફ આવી રહી છે. આજે દિવસ દરમિયાન રાજ્યમાં રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો 39 ડિગ્રીએ પહોંચ્યો હતો.

વેસ્ટર્ન ડિસ્બન્સની સિસ્ટમની અસર હેઠળ હવે આગામી 48 કલાક માટે વરસાદની વકી રહેલી છે. જ્યારે આજે દિવસ દમિયાન રાજ્યમાં બોટાદ, અમરેલી અને છોટા ઉદેપુર સહિતના ચાર જિલ્લામાં મહત્તમ 9 મીમી જેટલો વરસાદ થયો છે. વરસાદ ઘટી જતાં હવે આકાશ ક્લિયર થઈ રહ્યું છે. જ્યારે આગામી સપ્તાહે ગરમી વધવાની સંભાવના રહેલી છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજયના અન્ય શહેરો પૈકી આજે દિવસ દરમિયાન અમદાવાદમાં 38 ડિ.સે., ડીસામાં 37 ડિ.સે., ગાંધીનગરમાં 37 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 35 ડિ.સે., વડોદરામાં 36 ડિ.સે., સુરતમાં 36 ડિ.સે., ભૂજમાં 37 ડિ.સે., નલિયામાં 35 ડિ.સે., કંડલા પોર્ટમાં 37 ડિ.સે., કંડલા એરપોર્ટ પર

## ધો.10ની પરીક્ષાના પરિણામની ગુણ ચકાસણી 20મી સુધીમાં માત્ર ઓનલાઈન કરી શકાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10ની પરીક્ષાના પરિણામની ગુણ ચકાસણી 20મી મે સુધી ઓનલાઈન કરી શકાશે. ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે. પરિણામની ગુણ ચકાસણીની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ બોર્ડની વેબસાઈટ પર 20મી 2025ને સાંજે 5:00 વાગ્યા સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન માધ્યમ સિવાય અન્ય કોઈ રીતે અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણ ચકાસણીની અરજીની નિયત ફી ઓનલાઈન એસબીઆઇ ઈ પેમેન્ટ મારફતે એસબીઆઈ બેન્કની કોઈપણ બ્રાન્ચમાં કરી શકાશે.

# ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામમાં પડદા પાછળ ત્રણ દેશોની સક્રિય ભૂમિકા



રાજનીતિમાં જે કોઈ મહત્ત્વની ઘટનાઓ ઘટતી હોય છે, તેમાં જાહેરમાં જે કામગીરી દેખાતી હોય છે તેના કરતાં પડદા પાછળ કોઈ અલગ જ કામગીરી થઈ હોય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે અચાનક થયેલા યુદ્ધવિરામમાં પણ આવું જ કાંઈક બન્યું છે. આ યુદ્ધવિરામમાં પડદા ઉપર વિચિત્ર ઘટના એવી બની કે તેની જાહેરાત ભારત કે પાકિસ્તાનના વડા દ્વારા નહીં પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કરવામાં આવી હતી, જે સૂચિત કરતું હતું કે તેમાં અમેરિકાએ મોખરાની ભૂમિકા ભજવી હતી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી સોમવારે રાષ્ટ્રજોગા ઉદ્બોધનમાં કોઈ ત્રીજા કે ચોથા દેશની ભૂમિકાનો ઇનકાર કરી રહ્યા હતા તે પહેલાં જ ડોનાલ્ડ ટ્રમ્પે વિસ્ફોટક નિવેદન કર્યું હતું કે તેમણે ભારત અને પાકિસ્તાન બંને પર દબાણ લાવીને તેમને અણુયુદ્ધની કગાર પરથી રોક્યા હતા. ડોનાલ્ડ ટ્રમ્પે એમ પણ કહ્યું કે તેમણે ભારત અને પાકિસ્તાનને વેપાર બંધ કરવાની ધમકી આપીને તેમને યુદ્ધવિરામ કરવા મજબૂર કર્યા હતા. બે બાળકો લડતાં હોય અને તેમનો બાપ તેમને ચોકલેટ ન આપવાની ધમકી આપીને લડતાં અટકાવે તેવો આ ઘાટ હતો; પણ તેમાં ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને પાકિસ્તાનના બાપ બની ગયા છે.

ભારતે હંમેશા કોઈ પણ દ્વિપક્ષીય વિવાદમાં ત્રીજા પક્ષની મધ્યસ્થીને નકારી કાઢી છે. પોતાના પહેલા કાર્યકાળ દરમિયાન પણ ડોનાલ્ડ ટ્રમ્પે જુલાઈ ૨૦૧૯માં પાકિસ્તાનના તત્કાલીન વડા પ્રધાન ઇમરાન ખાનને કાશ્મીર પર મધ્યસ્થી કરવાની ઓફર કરી હતી, પણ ભારતે ટ્રમ્પની આ ઓફરને તરત જ નકારી કાઢી હતી. અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ X પર યુદ્ધવિરામ અંગે એક પોસ્ટમાં લખ્યું હતું કે ભારત અને પાકિસ્તાન વિવાદોના ઉકેલ માટે કોઈ ત્રીજા દેશમાં વાત કરશે. અમેરિકા દ્વારા યુદ્ધવિરામની જાહેરાત પર ભારતનો પ્રતિભાવ બહુ ઉષ્માભર્યો નહોતો. ડોનાલ્ડ ટ્રમ્પ અને રુબિયોની જાહેરાત પછી ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે X પર લખ્યું છે કે ભારત અને પાકિસ્તાન લશ્કરી કાર્યવાહી બંધ કરવા માટે સંમત થયા છે. ભારત આતંકવાદ સામે કોઈ સમાધાન કરશે નહીં અને ભવિષ્યમાં પણ આ વલણ એ જ રહેશે. જયશંકરે તેમની પોસ્ટમાં ક્યાંય પણ યુદ્ધવિરામ માટે મધ્યસ્થી કરનાર તરીકે અમેરિકાનું નામ લીધું નથી. ગયા મહિને જમ્મુ અને કાશ્મીરમાં થયેલા ઘાતક હુમલામાં ૨૬ પ્રવાસીઓનાં મોત બાદ ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન પ્રશાસિત કાશ્મીરમાં હવાઈ હુમલા શરૂ કર્યા હતા. ત્યાર બાદ દિવસો સુધી હવાઈ અથડામણો, તોપમારો થયો અને શનિવારે સવાર સુધીમાં બંને પક્ષોએ એકબીજા પર તેમનાં હવાઈ મથકો પર મિસાઈલ હુમલા કરવાનો આરોપ લગાવ્યો હતો. શુક્રવારે રાત્રે પાકિસ્તાન અને ભારત બંનેએ એકબીજાના વાયુસેના મથકોને નિશાન બનાવવા અને નુકસાન પહોંચાડવાનો દાવો કર્યો હતો. આ પછી બંને દેશો વચ્ચે તણાવ વધુ ઘેરો બન્યો અને તેમણે એકબીજા પર ડ્રોનથી હુમલો કર્યો હતો. બંનેએ એકબીજાના ડ્રોન અને મિસાઇલો તોડી પાડવાનો દાવો કર્યો હતો. ભારત અને પાકિસ્તાન વચ્ચે નિયંત્રણ રેખા પર ભારે ગોળીબાર પણ થયો હતો. શનિવારે સવારે પાકિસ્તાને દાવો કર્યો હતો કે ભારતે તેના ત્રણ લશ્કરી એરબેઝને નુકસાન પહોંચાડ્યું છે. ભારતે પણ પાકિસ્તાની એરબેઝ પર સચોટ હુમલા કર્યા હોવાની પુષ્ટિ કરી હતી. તેમાં પાકિસ્તાનના અણુ શસ્ત્રાગાર પર હુમલાના સમાચારો આવ્યા હતા. પાકિસ્તાનના નિષ્ણાતો કહે છે કે જેમ જેમ તણાવ વધતો ગયો, તેમ તેમ પાકિસ્તાને બેવડા સંકેતો આપ્યા હતા. પાકિસ્તાને એક તરફ લશ્કરી બદલો લેવાની શરૂઆત કરી હતી અને બીજી તરફ નેશનલ કમાન્ડ ઓથોરિટી (NCA) ની બેઠક બોલાવી હતી. પાકિસ્તાન કમાન્ડ ઓથોરિટી દેશનાં પરમાણુ શસ્ત્રોનું નિયંત્રણ કરે છે અને તેમના ઉપયોગ અંગે નિર્ણયો લે છે. જાણકારો કહે છે કે પાકિસ્તાને ભારત પર અણુબોમ્બ ફેંકવાની તૈયારીઓ શરૂ કરી હતી, જેની જાણ અમેરિકાની ગુપ્તચર સંસ્થાને થઈ ગઈ હતી. આ જાણ થતાં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરને ફોન લગાવ્યો હતો અને યુદ્ધ રોકવા તાકીદ કરી હતી. બીજી બાજુ અમેરિકાની સૂચનાથી પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશને ભારતના સમકક્ષને ફોન કરીને યુદ્ધવિરામ કરવાની વિનંતી કરી હતી. ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે બપોરે ૩.૩૦ વાગ્યે વાતચીત થઈ અને બે કલાકમાં યુદ્ધવિરામ લાગુ કરવામાં આવ્યો. બંને દેશો કઈ શરતો પર સંમત થયા છે તે અંગે હજુ સુધી વધુ માહિતી નથી. ભારત પર અમેરિકા ઉપરાંત તુર્કી અને સાઉદી અરેબિયાનું દબાણ હોવાથી તેણે જીતતાં હોવા છતાં યુદ્ધવિરામ સ્વીકાર્યો હતો.

યુદ્ધ પોઇન્ટ
સમકિત શાહ

ભારતીયોને યુદ્ધવિરામ વિશે પહેલી માહિતી ભારત કે પાકિસ્તાન તરફથી નહીં પરંતુ અમેરિકાના રાષ્ટ્રપતિ તરફથી મળી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું કે અમેરિકાએ આખી રાત પાકિસ્તાન અને ભારત વચ્ચે મધ્યસ્થી કરી અને આ પછી બંને દેશો યુદ્ધવિરામ માટે સંમત થયા છે. નિષ્ણાતો કહે છે કે ભારતના દાવાથી વિરુદ્ધ પડદા પાછળ અમેરિકાના મધ્યસ્થીઓએ ભારત અને પાકિસ્તાનના નેતાઓ સાથે મળીને રાજદ્વારી બેકચેનલ દ્વારા પરમાણુ સશસ્ત્ર હરીફોને યુદ્ધના આરેથી પાછા લાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેનો પ્રારંભ તા. ૯ મેના અમેરિકાના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોના પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીરને ફોન કોલ સાથે થયો હતો. પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીર સાથે ફોન પર વાત કર્યા પછી માર્કો રુબિયોએ ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે પણ ફોન પર વાત કરી હતી.

આ પહેલી વાર નથી જ્યારે અમેરિકાની મધ્યસ્થીથી ભારત-પાકિસ્તાન કટોકટીને ઓછી કરવામાં મદદ મળી હોય. અમેરિકાના ભૂતપૂર્વ વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ તેમના પુસ્તકમાં દાવો કર્યો છે કે એક વખત તેમના ભારતીય સમકક્ષ એસ. જયશંકર દ્વારા તેમને જગાડવામાં આવ્યા હતા, જેમને ડર હતો કે પાકિસ્તાન ૨૦૧૯ની બાલાકોટ સ્ટ્રાઇક પછી વળતો જવાબ આપવા પરમાણુ શસ્ત્રો તૈયાર કરી રહ્યું છે. પાકિસ્તાનમાં ભારતના ભૂતપૂર્વ હાઈ કમિશનર અજય બિસારિયાએ પાછળથી લખ્યું હતું કે માઈક પોમ્પિયોએ પરમાણુ યુદ્ધના ભય અને સંઘર્ષને શાંત કરવામાં અમેરિકાની ભૂમિકા બંનેને અતિશયોક્તિપૂર્ણ ગણાવી હતી. જો કે, રાજદ્વારીઓ કહે છે કે તેમાં કોઈ શંકા નથી કે અમેરિકાએ આ કટોકટી ટાળવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. શનિવારે સવારે પોતાની પ્રેસ કોન્ફરન્સમાં જ્યારે ભારતે દાવો કર્યો કે પાકિસ્તાનના સૈનિકો આગળ વધી ગયા છે, ત્યારે તેણે કહ્યું કે ભારત તણાવ વધારવા માંગતું નથી. એક પ્રેસ કોન્ફરન્સમાં કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું હતું કે પાકિસ્તાની સેના દ્વારા આગળના વિસ્તારોમાં સૈનિકોની તૈનાતી વધી રહી હોય તેવું લાગે છે, જે પરિસ્થિતિને વધુ ખરાબ કરવાનો ઇરાદો દર્શાવે છે. ભારતીય સશસ્ત્ર દળો સંપૂર્ણ ઓપરેશનલ એલર્ટની સ્થિતિમાં છે. ભારતીય સશસ્ત્ર દળો પુનરોચ્ચાર કરે છે કે તેઓ તણાવ વધારવા માંગતા નથી. જો પાકિસ્તાન પણ આવું જ વર્તન કરે. ભારત એવું સૂચવી રહ્યું હતું કે તેનો પરિસ્થિતિને વધુ ખરાબ કરવાનો કોઈ ઇરાદો નથી. ભારતનું વલણ ખૂબ જ સ્પષ્ટ હતું. ભારતે કહ્યું હતું કે અમે બદલો લઈશું અને ભારતે બદલો લીધો. પછી પાકિસ્તાની સેનાએ નક્કી કર્યું કે અમે પણ બદલો લઈશું અને ત્યાંથી પરિસ્થિતિ વધુ ખરાબ થવા લાગી. જો પાકિસ્તાને ૭ મેના રોજ પ્રતિક્રિયા ન આપી હોત, તો પરિસ્થિતિ આ બિંદુ સુધી પહોંચી ન હોત. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે શનિવારે સવારે એક નિવેદન જારી કરીને કહ્યું કે પાકિસ્તાને ભારતને યોગ્ય જવાબ આપ્યો છે. અમારા જવાબી ઓપરેશન બુન્યાન અલ મારસૂસમાં ભારતીય લશ્કરી ઠેકાણાંઓને ખાસ નિશાન બનાવવામાં આવ્યાં હતાં, જ્યાંથી પાકિસ્તાન પર હુમલા શરૂ થયા હતા. આજે અમે ભારતને યોગ્ય જવાબ આપ્યો છે અને નિર્દોષ લોકોનાં મોતનો બદલો લીધો છે. આ ઘટનાક્રમ પછી લાગે છે કે ભારત અને પાકિસ્તાન બંને યુદ્ધની પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માગતા હતા, પણ તેમને પોતાનો ઇગો નડતો હતો. તેઓ જાતે યુદ્ધવિરામ માટે પહેલ કરી શકે તેમ નહોતા, માટે જ અન્ય દેશોની મધ્યસ્થીની જરૂર પડી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચેનું સંભવિત અણુયુદ્ધ ટળી ગયું તે સૌથી સારા સમાચાર છે.

**બે બાળકો લડતાં હોય અને તેમનો બાપ તેમને ચોકલેટ ન આપવાની ધમકી આપીને લડતાં અટકાવે તેવો આ ઘાટ હતો; પણ તેમાં ડોનાલ્ડ ટ્રમ્પ ભારત અને પાકિસ્તાનના બાપ બની ગયા છે**

# BUSINESS મિત્ર

**શેરબજારમાં ઉપલા સ્તરેથી નફાવસુલી, બ્રોડર માર્કેટમાં સુધારો યથાવત રહ્યો, ડિફેન્સ શેરોમાં ફરીથી તેજી જોવાઇ**

# સેન્સેક્સે 82000 અને નિફ્ટીએ 24600ની સપાટી તોડી




વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 13:** ભારત અને પાકિસ્તાનના સીઝ ફાયર બાદ ગઈકાલે જોરદાર ઉછાળો જોવાયો હતો, પણ આજે ઉપલા સ્તરેથી ભારે નફાવસુલી વેચવાલી રહી હતી. પીએમ મોદીના નિવેદનમાં સ્પષ્ટ જણાવાયું છે કે, કોઈ ન્યુલકલીયર બ્લેકમેઈલીંગ સાંભળી લેવાશે નહીં અને આતંકીઓ અને આતંકી કેમ્પો પર પાકિસ્તાન કાર્યવાહી કરે નહીંતર ભારતને આતંકવાદનો જવાબ આપતા રોકી શકશે નહીં. આમ, સીઝ ફાયર વચ્ચે પણ મોદીના નિવેદનથી એવું સ્પષ્ટ થાય છે કે, પાકિસ્તાન કાંકરીચાળો કરશે કે આતંકવાદીઓ કરશે તો ભારત તેનો જડબાતોડ જવાબ આપશે. જેના પગલે ફરી એકવાર રોકાણકારો સાવચેત થઈ ગયા હતા અને નફાવસુલી કરતા જોવા મળ્યા હતા.

આજે અમેરિકા-ચીન વચ્ચેના ટ્રેડ ડીલથી તણાવ ઘટતા ક્રુડના ભાવ ઉંચકાયા હતા, તેમ છતાં ભારતીય શેરબજારમાં તેજીને લંબાવવામાં સફળતા મળી શકી નથી. આજે સેન્સેક્સ 82000 અને નિફ્ટી 24600 પોઈન્ટની સપાટીની નીચે સરકી ગયા હતા.

ખાસ કરીને ગઈકાલે આઈટી શેરો કે જે દબાણ હેઠળ હતા, તેમાં ઝડપી રીકવરી આવી હતી, અને આજે નફાવસુલી પણ આઈટી શેરોમાં જ જોવા મળી હતી. તેની સાથે એફએમસીજી અને ઓટો સેક્ટરમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે મીડિયા, પીએસયુ બેન્ક અને ફાર્મા શેરોમાં તેજી જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 1281.68 પોઈન્ટ એટલે 1.55 ટકા ઘટીને 82000 પોઈન્ટની સપાટી તોડીને 81148.22 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સમાં 82572 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81043 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 346.35 પોઈન્ટ એટલે કે 1.39 ટકા ઘટીને 24600 પોઈન્ટની સપાટી તોડીને 24578.35 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફટીએ 24547 પોઈન્ટની ઉંચાઈ હાંસલ કરી હતી, જ્યારે નીચામાં 25000 પોઈન્ટની સપાટી તોડીને 24973 પોઈન્ટની સપાટીએ પહોંચી હતી. બેન્ક નિફ્ટી 442 પોઈન્ટ એટલે કે 0.80 ટકા ઘટીને 55000 પોઈન્ટની સપાટી તોડીને 54940.8 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે વન 97 કોમ્યુનિકેશનમાં 79.6 ગણા, મેટ્રો બ્રાન્ડસમાં 41.72 ગણા, ડીએલએફ લિ.માં 13.53 ગણા, કંજરીયા સીરામીકમાં 10.99 ગણા અને જેએમ ફાઇ.માં 9.68 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે જેએમ ફાઈ.માં 12.88 ગણા, કેફિન ટેકનોમાં 12.36 ગણા, તાન્લા પ્લેટફોર્મમાં 9.8 ગણા, ઓથોમ ઈન્વેસ્ટમેન્ટમાં 5.92 ગણા અને સેગીલીટી ઈન્ડિયામાં 5.8 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો ચાલુ રહેવા પામ્યો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.17 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.99 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2562 શેરો વધ્યા હતા, જ્યારે 1400 શેરો ઘટયા હતા અને 139 શેરો યથાવત રહ્યા હતા.

આજે આઈટી શેરોમાં ધોવાણના પગલે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 2.42 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેમાં ઈન્ફોસીસ, ટીસીએસ, એચસીએલ ટેકનો, ઓરેકલ ફાઇ., વિપ્રો, પરસીસ્ટન્ટ સીસ્ટમ, એમફાસીસ, કોફોર્જ અને એલટીઆઇ માઈન્ડટ્રી ઘટ્યા હતા, જ્યારે ટેક મહિન્દ્રા સુધર્યો હતો.

વૈશ્વિક સ્તરે રોકાણકારો ટાટા મોટર્સ, નિસાન, હોન્ડા, મેટ્રો બેન્ક અને બેયરની કમાણીની રાહ જોઇ રહ્યા હોવાથી યુરોપિયન બજારોમાં સુધારાની ચાલ રહી હતી. જાન્યુઆરીથી માર્ચના ગાળામાં યુકેનો બેરોજગારી દર 4.5 ટકા પર પહોંચી ગયો હતો, જે ઓગસ્ટ 2021 પછીનો સૌથી ઉંચો દર હતો. ફેબ્રુઆરીથી એપ્રિલ દરમ્યાન ખાલી જગ્યાઓમાં 42000નો ઘટાડો થયો છે, જે સતત 34માં ત્રિમાસિક ગાળામાં ઘટ્યો છે. યુએસ અને ચીન ટ્રેડ ડીલ માટે સંમત થયા બાદ વોલસ્ટ્રીટ પર ભારે તેજીને પગલે એશિયન શેરો ઉંચા સ્તરે બંધ થયા હતા, જેમાં નવા ટેરિફ પર 90 દિવસનો વિરામ અને પારસ્પરિક ટેરિફમાં 115 ટકાનો ઘટાડો સામેલ છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.03 ટકા, કેક 0.04 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.01 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.41 ટકા, સ્ટ્રેઈટસ 0.13 ટકા, તાઈવાન 0.94 ટકા, કોસ્પી 0.04 ટકા, શાંઘાઈ 0.17 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 1.91 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

## રૂપિયામાં નજીવો પાંચ પૈસાનો સુધારો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 5 પૈસા સુધારા સાથે 85.33ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 85.38ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 94.81, પાઉન્ડ 112.27, કેનેડિયન ડોલર 60.95, ઓસ્ટ્રેલિયન ડોલર 54.61, જાપાનીઝ યેન 0.5759 અને સીંગાપોર ડોલર 65.63ના સ્તર પર બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 85.33 રૂ. |
| યુરો | 94.81 રૂ. |
| પાઉન્ડ | 112.27 રૂ. |
| યેન | 0.5759 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -1281.68 | 81148.22 |
| નિફ્ટી | -346.35 | 24578.35 |
| બેન્ક નિફ્ટી | -442.00 | 54940.85 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ભારત ઇલે. | 4.01 | 335.75 |
| હીરો મોટોકોર્પ | 1.97 | 4063.60 |
| જિયો ફાઇ. | 1.71 | 267.40 |
| ડો. રેડ્ડીઝ લેબ | 0.96 | 1207.10 |
| સન ફાર્મા | 0.82 | 1700.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 3.58 | 1568.60 |
| પાવરગ્રીડ | 3.43 | 298.45 |
| ઇટર્નલ | 3.28 | 231.68 |
| એચસીએલ ટેક્નો | 3.04 | 1619.60 |
| ટીસીએસ | 2.91 | 3515.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 0.84 | 1700.35 |
| અદાણી પોર્ટસ | 0.46 | 1369.50 |
| બજાજ ફાઇનાન્સ | 0.29 | 9042.55 |
| એસબીઆઇ | 0.04 | 801.90 |
| ટેક મહિન્દ્રા | 0.03 | 1573.10 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 3.54 | 1569.10 |
| પાવરગ્રીડ | 3.40 | 298.55 |
| ઇટર્નલ | 3.38 | 231.75 |
| એચસીએલ ટેક્નો | 2.94 | 1620.50 |
| ટીસીએસ | 2.88 | 3515.95 |

# બદલાતી પરિસ્થિતિમાં બ્રોકરેજ હાઉસીસે પીડીલાઇટ અને ઇન્ડિગોનું વેઇટેજ વધાર્યુ

**બેન્કિંગ** સેગમેન્ટમાં એક્સિસ બેન્ક, એચડીએફસી બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇન્ડસઇન્ડ બેન્ક અને સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં સૌથી વધુ હોલ્ડિંગ્સ

નવી દિલ્હી, તા. 13: જિયોપોલિટિકલ ટેન્શન અને ટેરિફ ટેન્શન દૂર થતાં જ શેરબજારમાં દિશા મળવાની શક્યતા છે. હવે વેલ્યુએશનની વાત થશે અને ગ્રોથ ફેકટર્સના પોર્ટફોલિયો માટે સ્ટૉક્સની શોધ થશે. બ્રોકરેજ હાઉસીસ તેમના પોર્ટફોલિયોમાં કેટલાક સ્ટોક્સ મૂકી શકે છે.

બ્રોકરેજ ફર્મ કોટક ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝે ઈન્ટરગ્લોબ એવિએશન (ઈન્ડિગો)ના વેઈટેજમાં 100 બેસિસ પોઈન્ટનો વધારો કરીને 250 બેસિસ પોઈન્ટ અને પિડિલાઈટ ઈન્ડસ્ટ્રીઝ (પીઆઈડીઆઈ)ના વેઈટેજમાં 40 બેસિસ પોઈન્ટનો વધારો કરીને 190 બેસિસ પોઈન્ટ કર્યો છે. દરમિયાન ડાબરના વેઈટેજમાં ઘટાડો જોવા મળ્યો હતો.

સ્થાનિક બ્રોકરેજ ફર્મના જણાવ્યા અનુસાર, બંને કંપનીઓ પોતપોતાના ક્ષેત્રની મુખ્ય કંપનીઓ છે, જેને કેટલીક નજીકના ગાળાની અનુકૂળ પરિસ્થિતિઓનો લાભ મળે છે.

અન્ય ઉપભોક્તા કેટેગરીની તુલનામાં વાજબી માગ, કાચા માલના નીચા ભાવો ખાસ કરીને એટીએફ અને ઈન્ડિગો માટે તેમના સંબંધિત બજારોમાં નબળી સ્પર્ધા વચ્ચે મજબૂત પ્રાઈસિંગ પાવરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સંભવિત મજબૂત ભારતીય રૂપિયો આ કંપનીઓને વધારાનો ટેકો પૂરો પાડી શકે છે. બીજી તરફ, કોટકે ડાબરમાં તેના વેઈટેજમાં 140 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો છે, કારણ કે અનુકૂળ ગ્રામીણ માંગ અને ગ્રામીણ બજારોને લક્ષ્યમાં રાખીને મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો હોવા છતાં કંપનીની કામગીરીમાં પરિવર્તન લાવવામાં અસમર્થતા છે. ડાબરે તાજેતરના ક્વાર્ટર્સમાં સારો દેખાવ કરવા માટે સંઘર્ષ કર્યો છે અને પરિણામે, તેને મોડેલ પોર્ટફોલિયોમાંથી દૂર કરવામાં આવ્યો છે.

પોતાના લેટેસ્ટ મોડલ પોર્ટફોલિયોમાં કોટક ઈન્સ્ટિટ્યૂશનલ ઈક્વિટીઝે 36.5 ટકાના નોંધપાત્ર એક્સપોઝર સાથે બેન્કિંગ સેક્ટરને સૌથી વધુ વેઈટેજ આપ્યું છે. બેન્કિંગ સેગમેન્ટમાં એક્સિસ બેન્ક, એચડીએફસી બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા મુખ્ય હોલ્ડિંગ્સ રહે છે.

કંપનીએ બજાજ ફાઈનાન્સ અને શ્રીરામ ફાઈનાન્સની સાથે વિવિધ નાણાકીય સેગમેન્ટમાં રોકાણ જાળવી રાખ્યું છે, જે મળીને 3.6 ટકાનું વેઈટેજ દર્શાવે છે. એપોલો હોસ્પિટલ્સ, ડો.લાલ પેથલેબ્સ, એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સ અને આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ લાઈફ સહિત હેલ્થકેર સેવાઓ અને વીમા ક્ષેત્રને પણ પૂરતું વેઈટેજ આપવામાં આવ્યું છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૪ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૯૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩.૫ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૦.૫ |
| ૬૮/૩૬ | ૧૨૭ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૭.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૧ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩.૫ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૩૬ | ૮૦ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૩૬ | ૮૦/૭૨ રોટો | ૧૨૭ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

**જથ્થાબંધ ખાંડબજાર**
પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત**
(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૯૭૨૦૦ |
| તેજાબી સોનું | ૯૭૧૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૨૩૪૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૫૨૫૦ |
| સોનાનાં બિસ્કીટ | ૯૭૨૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૯૮૫૦૦ |
| ચાંદી સિક્કા | ૧૦૦૦૦૦ |

**તેલ બજાર સુરત**
૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૪૯૦ | કોપરેલ | ૫૨૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૨૯૦ | વનસ્પતિ ઘી | ૨૪૭૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૫૦ | સનફ્લાવર | ૨૨૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૨૦ | તલતેલ | ૫૨૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૨૦ | દિવેલ | ૨૩૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૨૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૬૯૦ | | |